અપીલ અરજી નં.૬૭ તા.૨૧–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૪–૧૦ની અરજીથી ભટારરોડ કાપડીયા હેલ્થ કલબવાળા રોડ પર રોડ બનાવવા માટે મશીનથી ગ્રીસી પાડવામાં આવેલ હોય ત્યાર બાદ રોડ ન બનાવવા બાબત (૧) તા.૧૫–૨–૧૦ ના રોજ સબંધિત વિભાગમાં વિગતવાર અરજી કરવામાં આવેલ આ બાબતે અઠવાઝોનના કાર્યપાલક ઈજનેર પાસે શું તપાસ કરવામાં આવી અરજીના અનુસંધાનમાં રોડ બનાવવામાં આવેલ છે કે કેમ અને જે રોડ બનાવવા માટે ગ્રીસી રોડ પર પાડેલ છે. કોન્ટ્રાકટરે રોડ ન બનાવ્યો તો કોન્ટ્રાકટર પર શું કાર્યવાહી કરવામાં આવી. (૨) ફરીયાદનો નિકાલ બીપીએમસી એકટ મુજબ કેટલા દિવસમાં કરવાનો હોય છે. તે અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૭/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૪–૧૦ની અરજીથી ભટારરોડ કાપડીયા હેલ્થ કલબવાળા રોડ પર રોડ બનાવવા માટે મશીનથી ગ્રીસી પાડવામાં આવેલ હોય ત્યાર બાદ રોડ ન બનાવવા બાબત (૧) તા.૧૫–૨–૧૦ ના રોજ સબંધિત વિભાગમાં વિગતવાર અરજી કરવામાં આવેલ આ બાબતે અઠવાઝોનના કાર્યપાલક ઈજનેર પાસે શું તપાસ કરવામાં આવી અરજીના અનુસંધાનમાં રોડ બનાવવામાં આવેલ છે કે કેમ અને જે રોડ બનાવવા માટે ગ્રીસી રોડ પર પાડેલ છે. કોન્ટ્રાકટરે રોડ ન બનાવ્યો તો કોન્ટ્રાકટર પર શું કાર્યવાહી કરવામાં આવી. (૨) ફરીયાદનો નિકાલ બીપીએમસી એકટ મુજબ કેટલા દિવસમાં કરવાનો હોય છે. તે અંગેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૧ તા.૩૧–૫–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૧–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૮ તા.૨૬–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં માહિતી ન મળવાથી અરજદારે તા.૨૧–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ પણ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૧–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)... ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી હેમંત એન. દેસાઈ